# રાજકોટ મહાનગરપાલિકા
## જુનિયર ક્લાર્કની ભરતી અંગેની સુધારા જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાની જુનિયર ક્લાર્ક સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા તા.૧૭/૦૧/૨૦૨૧ નાં રોજ નીચે દર્શાવેલ કોષ્ટક-"એ" ની વિગતે જાહેર ખબર પ્રસિદ્ધ કરવામાં આવેલ, જેમાં નીચે દર્શાવેલ કોષ્ટક- "બી" ની વિગતે **શારીરિક અશક્ત અને માજી સૈનિક**ની કેટેગરી માટે સુધારા જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી તા.૧૯/૦૫/૨૦૨૧, બુધવાર સુધીમાં ફક્ત ઓનલાઈન માધ્યમથી જ અરજીઓ મંગાવવામાં આવે છે.

**કોષ્ટક-એ**

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિનઅનામત (સામાન્ય) | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત (સામાન્ય) | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | શારીરિક અશક્ત |
| જુનિયર ક્લાર્ક | ૧૨૨ | ૪૨ | ૨૨ | ૨૩ | ૦૮ | ૨૭ | ૧૪ | ૦૭ | ૦૭ | ૦૨ | ૦૯ | ૦૩ |

**કોષ્ટક-બી**

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|
| | | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| જુનિયર ક્લાર્ક | ૧૨૨ | ૦૩ | ૧૨ |

નોંધ:-

| અંધત્વ/ઓછી દ્રષ્ટી | શ્રવણની ખામી | હલનચલનની અશક્તતા અથવા મગજનાં લકવાની અશક્તતા |
|---|---|---|
| ૪૦% થી ૭૫% | ૪૦% થી ૭૫% | OA(ONE ARM),OL(ONE LEG),BL(BOTH LEG),OAL(ONE ARM ONE LEG) |

(૧) કોષ્ટક-"બી" માં દર્શાવ્યા ફક્ત શારીરિક અશક્ત અને માજી સૈનિક કેટેગરીનાં ઉમેદવારો માટે જ આ સુધારા જાહેરાત અન્વયે અરજી મંગાવવામાં આવે છે. શારીરિક અશક્ત કેટેગરી માટે અગાઉ અરજી કરેલ ઉમેદવારે ફરીથી અરજી કરવાની રહેશે નહી.

(૨) શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૬૯૫૪૦ ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમયાર્દામાં ૧૦(દસ) વર્ષ સુધીની છૂટછાટ તથા મહિલા ઉમેદવારને ૦૫(પાંચ) વર્ષની વિશેષ છૂટછાટ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.

(૩) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી/વિગત દર્શાર્વવાની રહેશે.

(૪) શારીરિક અશકત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/આર્થિક રીતે નબળા વર્ગો/સા.શૈ.પ.વર્ગ/અનુ.જાતિ/અનુ.જન જાતિ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે તેમજ તે કેટેગરીની જગ્યામાં સમાવવામાં આવશે.

(૫) સા.વ.વિ.ના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૦૮-જીઓઆઈ-૭-ગ.૨ મુજબ શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.

(૬) માજી સૈનિકો માટે ઉપલી વયમર્યાદામાં સરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી ૫(પાંચ) વર્ષની સરક્ષણ સેવા) ઉપરાંત બીજા ૦૩(ત્રણ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે જે અનામતની કેટેગરીની વયમર્યાદાની છૂટછાટ ઉપરાંતની રહેશે.

(૭) શારીરિક અશક્ત અને માજી સૈનિકની કેટેગરીનાં ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૨૫૦/- (બસ્સો પચાસ પુરા) માત્ર રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ઓનલાઈન માધ્યમથી જમા કરાવવાની રહેશે.

(૯) આ સુધારા જાહેરાતમાં જણાવ્યા સિવાયની બધી જ જોગવાઈઓ તા.૧૭/૦૧/૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ થયેલ જાહેરાત મુજબની રહેશે તથા શારીરિક અશક્ત અને માજી સૈનિકની કેટેગરીનાં ઉમેદવારો માટે પણ શૈક્ષણિક લાયકાત, ઉમર તેમજ અન્ય તમામ બાબતો અરજી કરવાની છેલ્લી તા.૦૯/૦૨/૨૦૨૧ ની સ્થિતિએ ધ્યાને લેવામાં આવશે.

(સહી: બી.જી.પ્રજાપતિ)
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા